# વિભાગ-16 તબીબી સારવાર સવલત

## હૃદયરોગ એન્જિયોપ્લાસ્ટીની સારવાર દરમ્યાન વપરાતા કોરોનરી સ્ટેન્ટ અંગે (24)

કમિશનર, આરોગ્ય સેવાઓ, (તબીબી વિભાગ) નં. ડી-9/તસા/કોરોનરી સ્ટેન્ટ/હૃદયરોગ/03
5, ડો. જી. મ. ભવન, ગાંધીનગર, તા. 6-8-'03

*સંદર્ભ :* *(1) આ કચેરીનો તા. 14-10-'02 તથા તા. 27-12-'02નો સમાનાંકી પત્ર*

*(2) નિયામકશ્રી, યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી, અમદાવાદના તા. 18-10-'02નો પત્ર નં. 2592 તથા તા. 13-12-'02નો પત્ર નં. 3335*

*(3) સરકારશ્રીનો આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો પત્રક્રમાંક : એમએ1/102002/5069/અ, તા. 10-7-'03.*

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે હૃદયરોગની પ્રોસિજર એન્જિયોપ્લાસ્ટી (પીટીસીએ)ની સારવારના ભાગ તરીકે કોરોનરી સ્ટેન્ટ ઉપયોગમાં લેવામાં આવતા હોય છે. દર્દીના રોગની ગંભીરતા લક્ષમાં લઈને અધિકૃત તજજ્ઞ ચિકિત્સક દ્વારા દર્દીની કોરોનરી આર્ટરીમાં કોરોનરી સ્ટેન્ટ આર્ટરી ડીસીઝ (સીએડી) માટે અધિકૃત ચિકિત્સક દ્વારા વધુમાં વધુ મૂકવાની ભલામણ કરી શકાય તેમ છે. સામાન્ય કોરોનરી સ્ટેન્ટ (સાદો) લગભગ 31,000 થી 60,000 ની કિંમતના સ્થાનિક બજારમાં ઉપલબ્ધ થયેલ છે. પરંતુ છેલ્લા થોડા સમયથી બજારમાં ડ્રગ ઇલુટીંગ સ્ટેન્ટ' ઉપલબ્ધ થયેલ છે જેની બજારકિંમત આશરે રૂ. 1,37,000 થી રૂ. 1,40,000 ની છે. સાદા કોરોનરી સ્ટેન્ટ અને ડ્રગ ઇલુટીંગ સ્ટેન્ટની કામગીરી, આવશ્યકતા વગેરે બાબતોએ અત્રેથી તજજ્ઞઅભિપ્રાય મેળવવામાં આવેલ હતો. સંદર્ભ-2માં દર્શાવેલ પત્રોથી તજજ્ઞઅભિપ્રાય આ કચેરીને મળેલ હતો. ડ્રગ ઇલુટીંગ સ્ટેન્ટનો ખર્ચ મજરે આપવા આ કચેરીના તા. 14-10-'02 અને તા. 27-12-'02ના પત્રથી સરકારશ્રીમાં દરખાસ્ત કરેલ હતી. સરકારશ્રીના તા. 10-7-'03ના પત્રથી નીચે મુજબની મંજૂરી આપેલ છે. આ કચેરી તરફથી કરેલ દરખાસ્તમાં ઉલ્લેખ કરેલ તજજ્ઞોના અભિપ્રાય અને કેન્દ્ર સરકારના તબીબી સારવારના નિયમોમાં રૂ. 60,000 ની મર્યાદામાં વધુમાં વધુ બે સ્ટેન્ટની જોગવાઈ ધ્યાનમાં લેતાં રાજ્ય સરકારના કર્મચારીઓને સાદા સ્ટેન્ટની કિંમતનો ખર્ચ મજરે મળવાપાત્ર થશે. જે સરકારી કર્મચારીને વધુ સુવિધા ધરાવતા સ્ટેન્ટનો ઉપયોગ કરવો હોય તેમણે વધારાનો ખર્ચ પોતે ભોગવવાનો રહેશે.

ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો-1988 અંતર્ગત યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી તથા વી.એસ. હૉસ્પિટલ, અમદાવાદ અને નિયમ-8(1)(ગ) પરિપૂર્ણ કરીને રાજ્ય/રાજ્ય બહારની માન્ય હૉસ્પિટલો ખાતે એન્જિયોપ્લાસ્ટી (પીટીસીએ) ની સારવાર મેળવીને કોરોનરી સ્ટેન્ટ સાદા અથવા ડ્રગ ઇલુટીંગ મુકાવેલ હશે તો ઉપર દર્શાવેલ મર્યાદામાં સ્ટેન્ટનો ખર્ચ મજરે મળવાપાત્ર થશે. ઉક્ત મર્યાદાથી વધુ થનાર ખર્ચ પોતે ભોગવવાનો રહેશે અને આ મર્યાદા મુજબની પ્રતિસહી અનુસૂચિ-1 ઉપર કરવાની રહેશે. આ પરિપત્રની પહોંચ કબૂલશો.

સહી, સત્તાધિકારી
અધિક નિયામક, તબીબી સેવાઓ

* * *